# ખેડૂતોના પ્રશ્નો અને વૈજ્ઞાનિકોના જવાબો














**વિસ્તરણ શિક્ષણ નિયામક**
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
જૂનાગઢ



મગફળી



કપાસ

# ખેડૂતોના પ્રશ્નો અને વૈજ્ઞાનિકોના જવાબો

: સંપાદક :

ડો. એ. એમ. પારખીયા
વિસ્તરણ શિક્ષણ નિયામક

પ્રો. બી. એલ. પરમાર
મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી (માહિતી)

પ્રો.વી. જી. બારડ
મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી (તાલીમ)

શ્રી એ. એચ. તરાવીયા
ખેતીવાડી અધિકારી

શ્રી એચ.એમ. કુંજડીયા
ખેતીવાડી મદદનીશ

॥ कृषिमूलम् जगत् सर्वम् ॥

**વિસ્તરણ શિક્ષણ નિયામક**
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
જૂનાગઢ

ફોન : ૨૬૭૨૬૫૩, પીબીએક્સ : ૩૪૧

# ખેડૂતોના પ્રશ્નો અને વૈજ્ઞાનિકોના જવાબો


| | |
|---|---|
| પ્રકાશન વર્ષ : | ૨૦૧૩–૧૪ |
| કૃષિ વિસ્તરણ પ્રકાશન શ્રેણી : | ૩.૧.૩ |
| નકલ : | ૫૦૦૦ |
| કિંમત : | વિના મૂલ્યે |
| પ્રકાશક : | વિસ્તરણ શિક્ષણ નિયામક<br>જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી<br>જૂનાગઢ |
| ફોન : | ૨૬૭૨૬૫૩, ૨૬૭૨૦૮૦ |
| પીબીએક્સ : | ૩૪૧ |
| મુદ્રક : | જય ઓફસેટ<br>કાળવા ચોક, જૂનાગઢ<br>ફોન નંબર : ૨૬૨૮૩૧૪ |



**નરેન્દ્ર મોદી**

सत्यमेव जयते

## શુભેચ્છા સંદેશ

રાજયના વિકાસ માટે કૃષિ અને સંલગ્ન બાબતોનો વિકાસ અનિવાર્ય છે. જે માટે ગુજરાત સરકાર કૃષિ મહોત્સવ દરમ્યાન દર વર્ષે ખેડૂતોને ખેતી વિષયક નવીનત્તમ તજજ્ઞતાઓ, પાણી અને રાસાયણિક ખાતરોના કાર્યક્ષમ ઉપયોગ માટે ટપક સિંચાઈ, સંકલિત પાક સંરક્ષણ, સેન્દ્રિય અને જૈવિક ખાતરોનો યોગ્ય વપરાશ, કૃષિ પાકોમાં સૂક્ષ્મતત્વોનો જરૂરી ઉપયોગ, પશુપોષણ, માવજત, પશુપાલનની નવીનત્તમ તજજ્ઞતાઓ અંગે કૃષિ નિષ્ણાંતો ગામડે ગામડે ફરે છે અને ખેડૂતોને ખેતી અને તેનાંઆનુસંગિક વિષયોની અધતન જાણકારી આપે છે તે દ્વારા ખેડૂતોનો ખેતી ખર્ચ ઘટાડી તેની આવક વધે તેવા પ્રયાસો કરવામાં આવે છે.

છેલ્લા આઠ વર્ષના કૃષિ મહોત્સવ દરમ્યાન ખેડૂતોને વધુ મુંઝવતા પ્રશ્નો અલગ તારવી પુસ્તિકા સ્વરૂપે પ્રસિધ્ધ કરવાનું વિચાર્યુ છે. તે પ્રસંશનીય અને અભિનંદનીય છે. બધા જ ખેડૂતો વૈજ્ઞાનિકોને મળી શકતા નથી કે તેમને પ્રશ્નો પુછી શકતા નથી તેથી આ પુસ્તિકા દ્વારા ખેડૂતોને તેમના ખેતી વિષયક પ્રશ્નોનો ઉકેલ મળી રહેશે. આમ આ પુસ્તિકાથી અનેક ખેડૂતોને તેમની ખેતી વિષયક સમસ્યાનું નિરાકરણ ઘર બેઠા જ મળી રહેશે.

આવી માહિતીપ્રદ પુસ્તિકા તૈયાર કરવા બદલ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી અને તેના પ્રકાશન કાર્યમાં સહભાગી બનનાર સૌને અભિનંદન પાઠવું છું.

સૌનો,

(નરેન્દ્ર મોદી)

**નરેન્દ્ર મોદી**
મુખ્ય મંત્રી, ગુજરાત રાજય



**બાબુભાઈ બી. બોખીરીયા**

કૃષિ, સહકાર, પશુપાલન,
મત્સ્યોદ્યોગ, ગોસંવર્ધન અને જળ
સંપત્તિ (કલ્પસર સિવાય),
પાણી પુરવઠો,
ગુજરાત સરકાર,
૧, સરદાર ભવન,
૮ મો માળ, સચિવાલય,
ગાંધીનગર–૩૮૨ ૦૧૦
ફેક્સ : ૦૭૯–૨૩૨૫૦૧૩૫
તારીખ : ૨૦–૦૫–૨૦૧૩

सत्यमेव जयते

## શુભેચ્છા સંદેશ

રાજય સરકાર દ્વારા યોજવામાં આવતા કૃષિ મહોત્સવને લીધે રાજયભરના ખેડૂતોમાં જબરી જાગૃતિ આવી છે. ગુજરાત સરકારે કૃષિ મહોત્સની ઉજવણી કરી આધુનિક ખેતીનું જ્ઞાન છેવાડાના ખેડૂત સુધી પહોંચતું કરવાનો પ્રયાસ કરેલ છે. ખેતી, પશુપાલન, બાગાયત, ખેત ઓજારો, સુક્ષ્મ પિયત રક્ષિત ખેતી વગેરેની અદ્યતન માહિતીથી તેઓ માહિતગાર થાય અને તેને અપનાવી ખેત ઉત્પાદન વધારી ખેડુતો સમૃધ્ધ બને તે રાજય સરકારની નેમ છે. તેમાં કૃષિ મહોત્સવનું ખૂબ મોટું યોગદાન રહયુ છે.

કૃષિ મહોત્સવ દરમ્યાન વૈજ્ઞાનિકોને ખેડૂતોએ પુછેલા પ્રશ્નોમાંથી વધુ મુંઝવતા અને વધુ પુછાતા પ્રશ્નોને તારવી પુસ્તક સ્વરૂપે પ્રસિધ્ધ કરવાનું જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીએ વિચારેલ છે. તે પ્રસંશનીય છે. બધા જ ખેડૂતો વૈજ્ઞાનિકોને મળી શકતા નથી કે તેમને પ્રશ્ન પુછી શકતા નથી, તેવા ખેડૂતોને આ પુસ્તિકમાંથી તેમના મુંઝવતા ખેતી વિષયક પ્રશ્નોનો ઉકેલ મળી રહેશે. આમ, આ પુસ્તિકાથી અનેક ખેડૂતોને ખેતી વિષયક તેમની સમસ્યાનું નિરાકરણ ઘેર બેઠા જ મળી રહેશે.

આવી માહિતીસભર પુસ્તિકાનું પ્રકાશન કરવા બદલ હું જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનાં કુલપતિશ્રી અને તેના પ્રકાશન કાર્યમાં જોડાયેલા સૌને અભિનંદન પાઠવું છું.

(બાબુભાઈ બી.બોખીરીયા)

બાબુભાઈ બી.બોખીરીયા



ગોવિંદભાઈ પટેલ

રાજય કક્ષાના મંત્રી,
કૃષિ, અન્ન અને પુરવઠો,
ગ્રાહકોની બાબતો અને
વન અને પર્યાવરણ, ગુજરાત સરકાર,
ગાંધીનગર–૩૮૨૦૧૦
ફોનઃ (ઓ) : ૦૭૯–૨૩૨૫૦૨૭૧
ફેકસ : ૦૭૯–૨૩૨૫૦૨૭૪
તારીખ : ૨૦/૦૫/૨૦૧૩

સત્યમેવ જયતે

## શુભેચ્છા સંદેશ

કોઈપણ દેશના વિકાસનો પાયો શિક્ષણ છે. શિક્ષણથી જ સંશોધનના કાર્યો હાથ ધરી શકાય છે. જેનાથી માનવી સમૃધ્ધિની સીડી સર કરે છે. રાજયમાં કૃષિ શિક્ષણની શરૂઆત આણંદથી થઈ. ત્યાર પછી બીજી કૃષિ મહાવિધાલય જૂનાગઢ ખાતે શરૂ કરવામાં આવી. ત્યારથી રાજયમાં કૃષિ સંશોધનનો પાયો નખાયો. આજે તો રાજયમાં કૃષિ અને તેને સંલગ્ન અનેક વિદ્યાશાખાઓનો વિકાસ થયો છે. આ સંશોધનો ખેડૂતો સુધી ખુબ ઝડપથી પહોંચે તે માટે સુગઠીત વ્યવસ્થાતંત્ર ગોઠવવામાં આવ્યું છે. પરંતુ આપણા ખેડૂતો શિક્ષણની મર્યાદાને લીધે તેનો લાભ ઉઠાવી શકતા નથી. તેથી તેમને મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ પણ મેળવી શકતા નથી. ઘણા ખેડૂતો પડોશી ખેડૂતને કે સગા સબંધીની સલાહને અનુસરતા હોય છે. અલબત આજે કૃષિ સંશોધનોનો ખૂબ વિકાસ થયો છે ત્યારે પુસ્તકો, રેડીયો, ટીવી, ચર્ચા સભા, કૃષિ પ્રદર્શનો વગેરે જેવા માધ્યમોમાંથી તેના પ્રશ્નોનું નિરાકરણ મેળવી શકે છે.

ખેડૂતો કૃષિ વૈજ્ઞાનિકો સાથેની સભાઓમાં ભાગ લઈ કૃષિ વૈજ્ઞાનિકો પાસેથી તેના પ્રશ્નોનું નિરાકરણ મેળવતા હોય છે. કૃષિ વૈજ્ઞાનિકો ખેડૂતોને રોજબરોજની ખેતીમાં તેમને ઉદ્ભવતા પ્રશ્નોથી વાકેફ હોય છે. તેમની પાસેથી આવા પ્રશ્નો અને તેના જવાબો મેળવી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીએ ખેડૂતોના પ્રશ્નો અને વૈજ્ઞાનિકોના જવાબો પરની પુસ્તિકા પ્રસિધ્ધ કરવાનું વિચાર્યુ એ પ્રસંશનીય છે. તે બદલ હું જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રીને અભિનંદન પાઠવું છું. મને વિશ્વાસ છે કે ખેડૂતોને આ પુસ્તિકામાંથી તેમને મુંઝવતાં પ્રશ્નોનો યોગ્ય ઉકેલ ઘેર બેઠા જ મળી રહેશે. ખેડૂતો તેમને મેળવેલા ઉકેલોને અનુસરી ખેતી કરે અને વધુ આવક મેળવતા થશે. આ પુસ્તિકા પ્રસિધ્ધ કરવા બદલ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી અને તેમનાં અધિકારીઓને હું અભિનંદન પાઠવું છું.

આપનો

ગોવિંદભાઈ પટેલ



**ડો. એન. સી. પટેલ**

કુલપતિશ્રી,
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી,
જૂનાગઢ–૩૬૨૦૦૧
ફોનઃ ઓ : ૦૨૮૫–૨૬૭૧૭૮૪
ફેકસ નં. : ૦૨૮૫–૨૬૭૨૦૦૪

તાઃ ૨૦/૦૫/૨૦૧૩

## શુભેચ્છા સંદેશ

રાજય અને દેશના વિકાસ માટે કૃષિ અને તેની સંલગ્ન સેવાઓનો વિકાસ અનિવાર્ય છે. કૃષિ એ કોઈ પણ દેશના વિકાસનો પ્રાણ છે. કૃષિ ક્ષેત્રના વિકાસ દ્વારા માનવીનો સાચો વિકાસ થઈ શકે છે અને એટલે જ પ્રત્યેક ક્ષેત્રના વિકાસમાં કૃષિનુ સ્થાન પાયાની ઈંટ સમુ છે. પ્રત્યેક દેશના વિકાસની ઈમારત એ કૃષિ ક્ષેત્રના પાયા ઉપર રચાયેલી છે, તેમ કહીએ તો પણ ખોટું નથી.

આદિકાળથી ભારત એ કૃષિ પ્રધાન દેશ રહયો છે. એક સમયે આ દેશના પંજાબ અને હરિયાણા જેવા રાજયો કૃષિ ક્ષેત્રના અગ્રિમ હરોળના રાજય ગણાતા હતા, પરંતુ હવે ચિત્ર બદલાયુ છે. ખેતીના નવા સંશોધનો ખૂબ ઝડપથી ખેડૂતો સુધી પહોંચે તે માટે વિસ્તરણના વિવિધ માઘ્યમો દ્વારા નવા સંદેશાઓ, નવી ભલામણોથી તેઓ વાકેફ થાય તેવા પ્રયાસો કરાયા. આમાં, કૃષિ મહોત્સવની ઉજવણીના પ્રારંભથી રાજયના કૃષિ વિકાસને વેગ મળ્યો. કૃષિ મહોત્સવ દ્વારા રાજયના ખેડૂતોમાં નવી ચેતના આવી.

સતત આઠ વર્ષના કૃષિ મહોત્સવના સફળ પરિણામોથી પ્રેરાઈ નવમા વર્ષે પણ કૃષિ મહોત્સવ –૨૦૧૩ નું આયોજન કરાયુ. આને લીધે ખેડૂતો તેમના ખેતી વિષયક પ્રશ્નો માટે સીધા વૈજ્ઞાનિકો કે અધિકારીઓને મળતા થયા. આજના સંદેશા વ્યવહારના સાધનોનો ઉપયોગ ખેડૂતોએ પણ કર્યો. ગામડે બેઠા બેઠા ટેલીફોન કે મોબાઈલ દ્વારા તેઓ તેમના પ્રશ્નોનું નિરાકરણ મેળવતા થયા.

કૃષિ મહોત્સવની ઉજવણીમાં કૃષિ યુનિવર્સિટીનો સિંહફાળો રહયો છે. કૃષિ મહોત્સવ–૨૦૧૨ માં પણ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીએ લગભગ ૩૦૦ જેટલા ઉચ્ચકક્ષાના કૃષિ વૈજ્ઞાનિકોની સેવાઓ ફાળવી. કૃષિ યુનિવર્સિટી અને ખેતીવાડી ખાતાએ ખેડૂતોને ઉપયોગી થાય તેવું કૃષિ સાહિત્ય પણ તૈયાર કર્યુ. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીને કૃષિ મહોત્સવની વી.સી.ડી.અને ઓડીયો કેસેટ તૈયાર કરવાનું કામ સોંપાયુ. ખેતીની નવીન તજજ્ઞતાને લોકગીતો અને ભજનોમાં ઢાળી રસપ્રદ વિડિયો અને ઓડીયો કેસેટ (સીડી) તૈયાર કરાઈ. આમ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીએ ખેડૂતોને વૈજ્ઞાનિક ખેતીની જાણકારી પુસ્તકો અને સીડી દ્વારા આપવાનો પ્રયાસ કર્યો છે. કૃષિ રથની સાથે ગામડે ગામડે ફરતા કૃષિ વૈજ્ઞાનિકોને ખેડૂતો તેમને મુંઝવતા પ્રશ્નો પૂછતા હોય છે. આવા વારંવાર પૂછાતા પ્રશ્નો અને તેના જવાબો તૈયાર કરી તેને પુસ્તિકા સ્વરૂપે પ્રસિધ્ધ કરવાનુંઆયોજન અમારી વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરીએ કર્યુ છે તે અભિનંદનિય છે. મને વિશ્વાસ છે કે" ખેડૂતોના પ્રશ્નો અને વૈજ્ઞાનિકોના જવાબો" સમાવેશ કરી પ્રસિધ્ધ કરાયેલ આ પુસ્તિકા કૃષિ સાથે સંકળાયેલ સર્વેને ઉપયોગી થશે.

એન.સી.પટેલ

વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી,
જૂનાગઢ
ફોનઃ ૦૨૮૫–૨૬૭૨૬૫૩
ફેકસ : ૦૨૮૫–૨૬૭૧૬૬૯
તા. ૨૦/૦૫/૨૦૧૩

# સંપાદકીય

રાજય અને દેશના વિકાસ માટે કૃષિ ઉધોગ અને તેની સંલગ્ન સેવાઓનો વિકાસ અનિવાર્ય છે. કોઈ પણ વ્યવસાય સાથે સંકળાયેલ માનવીએ પળે પળની જાગૃતિ રાખવી ખૂબ જરૂરી છે. કેમ કે પળને ગુમાવનાર માણસ જ્ઞાનથી વંચિત રહી જાય છે અને કણને ગુમાવનાર માણસ ધનથી વંચિત રહી જાય છે. આમ કર્યા પછી જે કાંઈ ધનથી પ્રાપ્તિ થાય તેનો સંચય પણ વિકાસ માટે જરૂરી છે. કૃષિ ક્ષેત્રના વિકાસ મારફત જ સાચો કૃષિકાર પોતાનો ખરો વિકાસ કરી શકે છે. તેથી જ પ્રત્યેક દેશ કે રાજયના વિકાસની ઈમારત એ કૃષિ ક્ષેત્રના પાયા પર રચાયેલી છે. જે દેશના પાયાની ઈમારત કૃષિ ક્ષેત્ર પર રચાયેલી છે, એ દેશે કયારેય અન્ન સમસ્યાનો સામનો કરવો પડતો નથી.

વિજ્ઞાનના વિકાસની સાથે કૃષિ ક્ષેત્રનો પણ વિકાસ થયો. વધુ ઉત્પાદન આપતી નવી જાતોની શોધ થઈ, તે સિવાય પાક સંરક્ષણ, સુધારેલ ખેત ઓજારો તથા ખેતી પધ્ધતિ માટે અનેક શોધો થઈ. આ ભલામણો ખેડૂતો સુધી પહોંચવા લાગી પરંતુ આપણા ખેડૂતો અશિક્ષિત કે અર્ધશિક્ષિત હોય નવા સંશોધનોને સમજવામાંઅને અપનાવવામાં મુશ્કેલી અનુભવવા લાગ્યા. કેટલાકને નવી શોધ જાણવા માટેના પ્રશ્નો સતાવતા હતા તો કેટલાકને તે ભલામણો અપનાવવામાં પડતી અડચણોને ઉકેલવાની સમસ્યા હતી. તેમજ કેટલાક પોતાની રૂઢિગત માનસિકતામાં બદલાવ લાવવા ઈચ્છતા જ નથી.

કૃષિ ક્ષેત્રમાંલાંબા સમય સુધી કામ કર્યુ. કૃષિ મહોત્સવ સહિત અનેક ગ્રામ્ય સભાઓમાંહાજર રહેવાની તક મળી ખેડૂતો સાથે રૂબરૂ ચર્ચા અને તાલીમોમાંપ્રશ્નો ચર્ચાવાનો મોકો મળ્યો. તેથી ખેડૂતોના ખેતી વિષયક પ્રશ્નોથી વાકેફ બન્યા. આવા પ્રશ્નો બીજા અનેક ખેડૂતોને પણ સતાવતા હોય છે. તે પણ અનુભવથી જાણ્યુ. તેમજ કૃષિ મહોત્સવની સતત આઠ વર્ષની ઉજવણી દરમ્યાન વધારેમાંવધારે ખેડૂતોને મુંઝવતા પ્રશ્નો રજૂથયા. માન. કૃષિ મંત્રીશ્રી તેમજ બધા જ ખેડૂતો તેની મુશ્કેલી વૈજ્ઞાનિકો સુધી પહોંચાડી શકતા નથી. તેથી તેઓ પણ મૂંઝાતા રહે છે. તેમની આ મુંઝવણ દુર કરવા વિવિધ ખેતી વિષયક સમસ્યાઓના ઉકેલની માહિતી આપતુંપુસ્તિકા તૈયાર કરીએ તો જ તેમની મુશ્કેલી હળવી કરી શકાય તેમ લાગ્યુ. તેથી " ખેડૂતોના પ્રશ્નો અને વૈજ્ઞાનિકોના જવાબો" સમાવતી એક પુસ્તિકા પ્રસિધ્ધ કરવાનું વિચાર્યુ. આજે આ પુસ્તક આપણા કરકમળમાંમુકતા અમે આનંદ અનુભવીએ છીએ. અમોને વિશ્વાસ છે કે આ પુસ્તિકામાંથી ખેતી સાથે સંકળાયેલા સૌકોઈને તેમના કૃષિ વિષયક પ્રશ્નોના યોગ્ય ઉકેલ મળી રહેશે.

એ.એમ.પારખીયા